મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૬-૦૯-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૬૪
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### ગુજરાતમાં ૧.૨૫ કરોડની જન સંખ્યા ધરાવતી વિચરતી-વિમુક્ત સમુદાયો ૭૮ વર્ષ પછી વિકાસથી વંચિત

# મહેસાણામાં વિચરતી-વિમુકતી જાતિઓ માટે ૧૧ ટકા અનામતની માંગ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

ગુજરાતમાં વિચરતી-વિમુક્ત જાતિના સમુદાયો દ્વારા તેમની વિવિધ પડતર માંગણીઓ માટે સરકારને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. વિચરતી-વિમુક્ત જાતિમાં ગુજરાતમાં આશરે ૧ કરોડ અને ૨૫ લાખની જનસંખ્યા ધરાવતા આ સમુદાયો આઝાદીના ૭૮ વર્ષ પછી પણ વિકાસથી વંચિત છે. આજે આ સમિતિએ રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર અને તાલુકાના મામલતદારને આવેદનપત્ર સુપરત કર્યું હતું. તેમની કુલ ૧૨ મુખ્ય માંગણીઓ છે, જેમાં સૌથી અગ્રણી માગ ઓબીસી વર્ગીકરણમાં વિચરતી-વિમુક્ત જાતિઓ માટે ૧૧% અલગથી અનામતની છે.

આ અનામત વગર આ જ્ઞાતિઓનો વિકાસ શક્ય નથી અને તેનાથી જ સરકારનું 'સૌનો સાથ, સૌનો વિકાસ' સૂત્ર ખરા અર્થમાં સાકાર થશે. સમિતિએ ઉમેર્યું કે, આ માંગણીઓ બંધારણીય હક પ્રમાણેની છે અને તેમને વિશ્વાસ છે કે, સરકાર આ માંગણીઓનો સ્વીકાર કરશે. જોકે, જો તેમની માંગણીઓ સ્વીકારવામાં નહિ આવે તો તેઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ચલાવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.

વિચરતી વિમુક્ત જાતિ હક સમિતિ ગુજરાત પ્રદેશન કન્વીનર





ઘનશ્યામ રાવળએ જણાવ્યું કે, આજરોજ અમે ગુજરાતમાં તમામ જિલ્લા કલેક્ટર અને તાલુકામાં મામલતદાર ઓને વિચરતી-વિમુક્ત જાતિ જે ગુજરાત પ્રદેશમાં ૧ કરોડ અને ૨૫ લાખની જન આબાદી ધરાવે છે. તેવા સમુદાયો આઝાદીના ૭૮ વર્ષો થયા પણ હજુ વિકાસથી વંચિત છે. એટલે અમારી જે પડતર માંગણીઓ હતી એ પડતર માંગણીઓ અંતર્ગત આજરોજ અમે આવેદન સાહેબને આપેલું છે.

અમારી કુલ ૧૨ માગ છે. એમાં મુખ્યત્વે અમારી જે માગ છે એ અત્યારે OBC વર્ગીકરણ થવાનું છે. તો OBC વર્ગીકરણની અંદર આ વિચરતી-વિમુક્ત જાતિને ૧૧% અલગથી અનામત આપે તો જ આ જ્ઞાતિઓનો વિકાસ થશે અને સરકારનું જે સૂત્ર છે 'સૌનો સાથ, સૌનો વિકાસ' એ સાર્થક થશે.

માગ પૂર્ણ કરવા સરકારમાં અમે આવેદન આપીશું અને સરકારમાં રજૂઆત પણ કરીશું.

કારણ કે અમારી જે માંગણી છે એ બંધારણીય હક પ્રમાણેની માંગણીઓ છે અને આ માંગણીઓ સરકાર સ્વીકારશે એવો અમને વિશ્વાસ છે. તેમ છતાંય પણ જો અમારી આ માંગણીઓ નહીં સ્વીકારવામાં આવે તો અમારે ગાંધી ચિંધ્યા માર્ગે આગળ વધવું પડશે.

### જિલ્લા કલેક્ટર એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

## મહેસાણામાં સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ૬૬ પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

મુખ્યમંત્રીશ્રી તરફથી મળેલી સૂચના અનુસાર જિલ્લા કક્ષાના પ્રશ્નો માટે લોકોએ તેમની ફરિયાદ માટે ઉચ્ચ કક્ષાએ, ગાંધીનગર સુધી જવું ન પડે તે માટે જિલ્લા કક્ષાએ "જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ× કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેકટરશ્રી એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રીએ રૂબરૂ લોકોના પ્રશ્નો અને રજૂઆત સાંભળી ઉપસ્થિત અધિકારીશ્રીઓને કેટલાંક રચનાત્મક સલાહ-સૂચનો આપીને સમસ્યાનું ત્વરિત નિરાકરણ લાવવા જણાવ્યું હતું.



જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં અરજદારો દ્વારા દબાણ, જમીન માપણી, રીસર્વેની કામગીરી, ઓ.એન.જી.સી.માં જમીન સંપાદન અને વળતર સહિતના કુલ ૬૬ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. આ તમામ પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનરશ્રી રવિન્દ્ર ખતાલે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમાંશુ સોલંકી, નિવાસી અધિક કલેકટરશ્રી જશવંત કે. જેગોડા સહિત સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા.

### ફુડ વિભાગના ડેઝીગ્નેટેડ ઓફિસર વિપુલ ચૌધરીની સૂચના અને માર્ગદર્શન હેઠળ

## મહેસાણાના ફુડ વિભાગ દ્વારા નવરાત્રીના પર્વને ધ્યાને લઈ ખાદ્ય ચીજવસ્તુઓની તપાસ હાથ ધરાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

મહેસાણા જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ડેઝીગ્નેટેડ ઓફિસર વિપુલ ચૌધરીની સૂચના અને માર્ગદર્શન હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ દ્વારા નવરાત્રીના પર્વને ધ્યાને લઈ લોકોના આરોગ્યના હિતમાં મહેસાણા સ્થિત વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓ વેચતા યુનિટો/દુકાનો/રેસ્ટોરન્ટની ફુડ સેફટી ઓન વિહલ્સ દ્વારા રાત્રીના સમયે તપાસ હાથ ધરવામાં આવેલ હતી. તથા મહેસાણા ખાતે નવરાત્રીના પર્વ નિમિત્તે સ્થાનિક ગરબાનું આયોજન જ્યાં થાય છે તે ગરબા આયોજન સ્થળ એવા કેશવ હોલીડે રીસોર્ટ અને રાજધાની પાર્ટી પ્લોટની પણ તપાસ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હોટલ જનપથ, અમરનાથ રેસ્ટોરન્ટ, ડોમિનોઝ પિઝા, જયવીર એન્ટરપ્રાઈઝ, ઈસ્કોન ગાંઠીયા, કેશવ હોલીડે રિસોર્ટ, રાજધાની પાર્ટીપ્લોટ, બર્ગર કિંગ, એરિકા ટી & કાફે મહેસાણા સ્થિત વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓ વેચતા યુનિટો/દુકાનો/રેસ્ટોરન્ટની તપાસ કરવામાં આવી હતી.





**હોટલ જનપથ, અમરનાથ રેસ્ટોરન્ટ, ડોમિનોઝ પિઝા, જયવીર એન્ટરપ્રાઈઝ, ઇસ્કોન ગાંઠીયા, કેશવ હોલીડે રિસોર્ટ, રાજધાની પાર્ટીપ્લોટ, બર્ગર કિંગ, એરિકા ટી & કાફે મહેસાણા સ્થિત વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓ વેચતા યુનિટો/દુકાનો/રેસ્ટોરન્ટની તપાસ કરવામાં આવી હતી.**

### ગામડાઓની પરંપરા અનુસાર માતાજીની આરતીના ચઢાવા, ૫૧,૦૦૦થી ૧ લાખ રૂપિયા સુધીની બોલી

## મહેસાણા વીઆઈપી નગર સોસાયટીમાં નવરાત્રીની રંગીન ઉજવણી: એકરૂપ ચણિયાચોળી અને કુર્તામાં ગરબાની રમઝટ







(તસ્વીર : ચંદુ પટેલ, મહેસાણા)

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

મહેસાણા-મોઢેરા રોડ પર આવેલી વીઆઈપી નગર સોસાયટીમાં નવરાત્રીનો પર્વ એક અનોખી રીતે ઉજવવામાં આવે છે. આ સોસાયટીની મહિલાઓ એકસમાન રંગની ચણિયાચોળી અને પુરુષો એકસમાન રંગના કુર્તા પહેરીને ગરબે ઝૂમે છે, જે આ મહોત્સવને વધુ રંગીન અને આકર્ષક બનાવે છે. આ એકરૂપતા સોસાયટીની એકતા અને સંસ્કૃતિ પ્રત્યેના પ્રેમનું પ્રતીક બની રહે છે. વીઆઈપી નગર સોસાયટીની વિશેષતા એ છે કે અહીં ગામડાઓની જેમ માતાજીની આરતીના ચઢાવા બોલવામાં આવે છે. આ ચઢાવા ૫૧,૦૦૦ રૂપિયાથી લઈને ૧ લાખ રૂપિયા સુધીની રકમમાં બોલાય છે, જે ધાર્મિક ભાવના અને સમાજની ઉદારતાને દર્શાવે છે. આ પરંપરા નવરાત્રીના ઉત્સવને ગામડાની ભાવના સાથે જોડીને શહેરી



વાતાવરણમાં પણ પરંપરાગત રંગ ઉમેરે છે.

આ ગરબા મહોત્સવમાં સોસાયટીના રહેવાસીઓ ઉપરાંત આજુબાજુના વિસ્તારોમાંથી પણ લોકો મોટી સંખ્યામાં જોડાય છે, જે આ પર્વને ભવ્ય અને ઉલ્લાસભેર બનાવે છે. વીઆઈપી નગર સોસાયટીનો આ અનોખો અભિગમ નવરાત્રીની ઉજવણીને યાદગાર અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ બનાવે છે.

### ટ્રેડિશનલ ડ્રેસમાં જેલ સ્ટાફના પરિવારજનો દ્વારા

## મહેસાણા જિલ્લા જેલમાં ત્રીજા નોરતે ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

સમગ્ર ગુજરાતમાં નવરાત્રિ મહોત્સવ ખુબજ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે, ત્યારે મહેસાણા જિલ્લા જેલ ગ્રાઉન્ડમાં વર્ષોથી નવરાત્રિના નવ દિવસ ગરબાનું આયોજન જિલ્લા જેલ સ્ટાફ દ્વારા કરવામાં આવે છે. નવરાત્રિના ત્રીજા નોરતે માઁ અંબેની ભક્તિ-આરાધના સાથે ટ્રેડિશનલ ડ્રેસમાં જેલ સ્ટાફના પરિવાજનો તેમજ આસપાસના રહીશો અનેરા ઉત્સાહ સાથે ગરબે ઘૂમતા જોવા મળ્યા હતાં. બીજી બાજુ ગ્રીન વીલા સોસાયટીમાં પણ ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી.

### મહેસાણા ખાતે યોજાનાર 'વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ'માં

## ઉ. ગુ.રીજનલમાં વિવિધ પાંચ કેટેગરીમાં MSE એવોર્ડ અપાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

ગુજરાતમાં આગામી સમયમાં વિવિધ ચાર ઝોનમાં વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ યોજાવાની છે. જેમાં તા. ૯ અને ૧૦ ઓકટોબર-૨૦૨૫ દરમિયાન મહેસાણા ખાતે ઉત્તર ગુજરાત વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ પાંચ કેટેગરીમાં માઈક્રો સ્મોલ એન્ટરપ્રાઈઝ-MSE એવોર્ડ આપવામાં આવશે.

**ઉત્તર ગુજરાત વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સનું ગણપત યુનિવર્સિટી, મહેસાણા ખાતે આયોજન કરાયું છે.**

ઉત્તર ગુજરાત વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સનું ગણપત યુનિવર્સિટી, મહેસાણા ખાતે આયોજન કરાયું છે. જેમાં વિવિધ વિષયો અંગે સેમિનારો, B2B, B2G બેઠકો, પ્રદર્શનો યોજાશે. MSME ક્ષેત્રના ઉદ્યોગો માટે તા. ૧૦ ઓક્ટોબરે MSME કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહેસાણા, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી જિલ્લાઓના ઉદ્યોગકારો સહભાગી થશે. જેમાં પેનલ ડીસ્કશન, એકઝીબિશન તથા વેન્ડર ડેવલપમેન્ટના કાર્યક્રમો યોજાશે આયોજન છે.

ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી જિલ્લાઓના માઈક્રો તથા સ્મોલ એકમો માટે ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ આધારીત વિવિધ પાંચ કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવશે. જેમાં મહિલા ઉદ્યોગ સાહસિક – ૫૧ ટકા અને તેથી વધુ મહિલાઓની માલિકી ધરાવતા એકમો, યુવા ઉદ્યોગ સાહસિક, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ઉદ્યોગ તથા જનરલ કેટેગરી એવોર્ડ કે જેમાં ઉદ્યોગકારોનો ઉપરની કેટેગરીમાં સમાવેશ થતો નથી તે ઉદ્યોગકારો આ જનરલ કેટેગરીમાં અરજી કરી શકશે.

નોંધનીય છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ઉત્કૃષ્ટ કામગીરી કરી હોય તેવા પાત્રતા ધરાવતાં MSE ઉદ્યોગકારોએ વધુ માહિતી માટે સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક કરવા ઉદ્યોગ વિભાગની યાદીમાં જણાવાયું છે.




# બિલ્ડરોની છેતરપિંડી, સુપ્રીમ કોર્ટે કાર્યવાહી કરી

મુંબઈ, બેંગલુરુ, કોલકાતા, મોહાલી અને પ્રયાગરાજ સંબંધિત પ્રોજેક્ટ્સમાં ફ્લેટ ખરીદનારાઓ સામે છેતરપિંડી માટે એફઆઈઆર દાખલ કરવા માટે સીબીઆઈને સુપ્રીમ કોર્ટે આપેલા આદેશથી અગાઉ દિલ્હી-એનસીઆરમાં ઘણા બિલ્ડરો સામે આવી જ એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટના નવા આદેશથી એ શંકા વધુ ઘેરી બની છે કે દેશના અન્ય શહેરોમાં પણ ફ્લેટ ખરીદનારાઓ સાથે છેતરપિંડી થઈ હશે. સબસિડી યોજના હેઠળ બિલ્ડરો અને બેંકો વચ્ચેની મિલીભગત દ્વારા આ છેતરપિંડી આચરવામાં આવી રહી હતી. આ યોજના હેઠળ, બિલ્ડરો ફ્લેટ ખરીદદારોને લોન આપતા હતા, પરંતુ તેઓ ભંડોળ પોતાની પાસે રાખતા હતા અને બેંકોને હપ્તા ચૂકવતા હતા.થોડા સમય પછી, તેઓએ લોનના પૈસા અન્યત્ર વાળ્યા. પરિણામે, લોકોને ન તો તેમના ફ્લેટ મળ્યા અને ન તો તેઓ તેમના નામે લોનમાંથી છુટકારો મેળવી શક્યા. જો બેંકો સતર્ક હોત, તો આ છેતરપિંડી રોકી શકાઈ હોત, પરંતુ સુપ્રીમ કોર્ટનો આદેશ સૂચવે છે કે તેઓ પણ બેદરકાર હતા અને બિલ્ડરો સાથે મિલીભગતમાં હતા.આ મિલીભગતે આ કૌભાંડનો માર્ગ મોકળો કર્યો. કેટલાક કિસ્સાઓમાં, બેંકોએ બિલ્ડરોના પ્રોજેક્ટ્સની ભૌતિક ચકાસણી કર્યા વિના જે રીતે સંપૂર્ણ લોનની રકમ જાહેર કરી તે સૂચવે છે કે તેઓ રકમ શેર કરવા માટે તૈયાર હતા. આ એ પણ સૂચવે છે કે ભ્રષ્ટ અધિકારીઓ હજુ પણ બેંકોમાં હાજર છે.બિલ્ડરોની હેરાફેરીથી કેટલા ફ્લેટ ખરીદદારોના ઘર માલિકીના સપના ઠગારા સાબિત થયા છે તે કહેવું મુશ્કેલ છે. સુપ્રીમ કોર્ટે માત્ર એ સુનિશ્ચિત કરવું જોઈએ નહીં કે સીબીઆઈ ફ્લેટ ખરીદદારો સાથે છેતરપિંડી કરનારા બિલ્ડરો અને બેંકો સામે એફઆઈઆર નોંધે અને તેમની સામે તપાસ ઝડપી બનાવે, પરંતુ એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે છેતરપિંડી કરનારા ફ્લેટ ખરીદદારોને રાહત મળે.જો આ કેસોની તપાસ અને પછી વર્ષો સુધી સુનાવણી ચાલુ રહે તો તે અન્યાયી ગણાશે. જો સમયસર ન્યાય ન મળે તો તે તેનું મહત્વ અને જાહેર વિશ્વાસ ગુમાવી દે છે. ભૂતકાળમાં દેશભરમાં અસંખ્ય લોકો બિલ્ડરો દ્વારા છેતરપિંડીનો ભોગ બન્યા છે તે કોઈ રહસ્ય નથી. આવા ઘણા લોકોને હજુ પણ રાહત મળી નથી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

**વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ઢીમા ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત શ્રમદાન કર્યું**

# નવો જિલ્લો અને ધરણીધર ઢીમા તાલુકો બનાવીને રાજ્ય સરકારે સરહદી વિસ્તારના નાગરિકોના વિકાસના દ્વાર ખોલ્યા : અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી

## શિક્ષણ, વ્યસનમુક્તિ અને સ્વચ્છતા : ઉજ્જવળ આવતીકાલની ચાવી છે : અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી





(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

(ગરવી તાકાત) વાવ તા.૨૫

સરકારશ્રીના સ્વચ્છતા હી સેવા ×સ્વચ્છોત્સવ'' અભિયાન- ૨૦૨૫ અંતર્ગત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વાવ તાલુકાના શ્રી ધરણીધર મંદિર ઢીમા ગામ ખાતે પંડિત દિનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિ નિમિત્તે શ્રમદાન કર્યું હતું અને ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો હતો.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને સ્વચ્છતાનો મંત્ર આપ્યો છે. વડાપ્રધાનશ્રીના જન્મ દિવસ થી લઈને ૨ જી ઓક્ટોબર એટલે કે મહાત્મા ગાંધીજીના જન્મ દિવસ સુધી સમગ્ર દેશમાં વિવિધ સેવાકીય પ્રવૃતિઓ ચાલી રહી છે. પૂજય મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્નને આગળ વધારીને તથા સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સૂત્ર સાથે સૌકોઈ આ અભિયાનમાં જોડાયું છે. સ્વચ્છતા માટેનું માધ્યમ પ્રજા બને અને પ્રજા પોતે સ્વચ્છતા માટેનો સ્વભાવ બનાવે તે જરૂરી છે. અધ્યક્ષશ્રીએ ઢીમા ખાતે ભગવાન ધરણીધરના દર્શન કરીને વિસ્તારની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, સરહદી વિસ્તાર માટે ઐતિહાસિક દિવસે રાજ્ય સરકારે ધરણીધર ધામને તાલુકા તરીકે જાહેર કરીને સ્થાનિક જનતાની વર્ષોની માગણીને પૂર્ણ કરી છે. આ સાથે વાવ-થરાદને નવો જિલ્લો બનાવવા તથા અનેક નવીન તાલુકાઓની રચના કરીને સમગ્ર બનાસકાંઠા-પાટણ વિસ્તારના વિકાસને વેગ આપ્યો છે. સરકારશ્રીના આ નિર્ણયથી સરહદી વિસ્તારના લોકોના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક વિકાસના નવા દ્વાર ખુલશે અને સરકારી યોજનાઓના લાભ ઘર આંગણે ઉપલબ્ધ થશે. અધ્યક્ષએ સરકારશ્રીના આ નિર્ણય બદલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્ય સરકારનો સરહદી નાગરિકોના વતી આભાર વ્યક્ત કર્યો હતો.

અધ્યક્ષ એ જણાવ્યું કે, આજે ધરણીધર ધામની અંદર સ્વચ્છતા માટે કામ કર્યું છે. સ્વચ્છતા અભિયાનમાં જોડાયેલા તમામ લોકોને અધ્યક્ષએ અભિનંદન પાઠવ્યા હતા. ઢીમા ખાતે સૌએ સાથે મળીને "એક દિન—એક ઘંટા—એક સાથ સ્વચ્છ" સૂત્રને અનુસરતા સામૂહિક શ્રમદાન કર્યું હતું. અધ્યક્ષએ ઉપસ્થિતોને જણાવ્યું કે, આપણી આવતીકાલને સારી કરવી હોય તો આપણે શિક્ષણ, વ્યસન મુક્તિ અને સ્વચ્છતા જાળવવી પડશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાન હેઠળ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત દેશવ્યાપી "સ્વચ્છતા હી સેવા – ૨૦૨૫" અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ અભિયાન અંતર્ગત "સ્વચ્છોત્સવ" નામે સ્વચ્છ ભારતના નવા પર્વનો શુભારંભ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૨ ઑક્ટોબર ૨૦૨૫ દરમિયાન કરવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમમાં વાવ ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોર, આગેવાન ગુમાનસિંહ ચૌહાણ, ડી.ડી. રાજપુત, સરપંચ માનાભાઈ રાજપુત સહિત સબંધિત અધિકારીશ્રીઓ, મહાનુભાવો અને બહોળી સંખ્યામાં ગ્રામલોકો ઉપસ્થિત રહ્યા હતા.

**અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, સરહદી વિસ્તાર માટે ઐતિહાસિક દિવસે રાજ્ય સરકારે ધરણીધર ધામને તાલુકા તરીકે જાહેર કરીને સ્થાનિક જનતાની વર્ષોની માગણીને પૂર્ણ કરી છે. આ સાથે વાવ-થરાદને નવો જિલ્લો બનાવવા તથા અનેક નવીન તાલુકાઓની રચના કરીને સમગ્ર બનાસકાંઠા-પાટણ વિસ્તારના વિકાસને વેગ આપ્યો છે.**

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

**વૃષભઃ** આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે. ઘરના પૂરા નહીં થયેલા કાર્યોથી અસ્વસ્થતા અનુભવી શકો છો. આવકના સ્ત્રોતમાં વધારો થશે.

**મિથુનઃ** આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં. કાર્ય વ્યવસાયથી લાભની પૂરેપૂરી સંભાવના છે

**કર્કઃ** આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો, તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.

**સિંહઃ** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો. જો તમે ધૈર્ય ગુમાવશો તો તમારા પરિવારના સભ્યો સાથે બિનજરૂરી દલીલો થવાની સંભાવના છે. આર્થિક સ્થિતિમાં ઘટાડો થઈ શકે છે.

**કન્યાઃ** આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી અચાનક બનશે.

**તુલાઃ** આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે. ઘરના કોઈને આપેલ વચન પૂરા કરવામાં વિલંબ થશે, જેના કારણે અશાંતિ થઈ શકે છે.

**વૃશ્ચિકઃ** નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં સંયમ નહીં રાખો તો ખરાબ સ્વાસ્થ્ય તરફ દોરાઈ શકો છો.

**ધનઃ** આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. મનમાં ખોટ થવાના ડરને કારણે તમે કાર્યમાં ઉત્સાહ લાવી શકશો નહીં. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

**મકરઃ** આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે. કુટુંબને તમારા વર્તનનો ઘમંડ ગમશે નહીં, વડીલોથી બચજો.

**કુંભઃ**આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે. પરિવારના સભ્યો પણ કોઈક કારણસર ગુસ્સે થશે.

**મીનઃ** આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે. વ્યવસાયમાં બધા બિનજરૂરી કામ સરળતાથી થઈ જશે.

**શ્રમદાન દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અંગે લોકજાગૃતિ કેળવવામાં આવી**

# કડવાસણ ગામે મહેસાણા ધારાસભ્યની ઉપસ્થિતિમાં મહા શ્રમદાનનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

આજરોજ મહેસાણા જિલ્લાના કડવાસણ ગામે 'એક દિન એક ઘંટા સ્વચ્છ સ્વચ્છતા' અંતર્ગત મહા શ્રમદાનનો જિલ્લા કક્ષાનો સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો હતો. જેને ગ્રામજનો, શાળાના શિક્ષકો, આંગણવાડી કાર્યકરો, આરોગ્ય વિભાગના કર્મચારીઓ, તાલુકા પંચાયત મહેસાણા તાલુકાનો **SBM** સ્ટાફ તથા શાળાના બાળકોના ઉત્સાહી સહભાગીતા સાથે કાર્યક્રમને સફળ બનાવાયો હતો.

આ અવસરે 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું તેમજ શ્રમદાન દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અંગે લોકજાગૃતિ કેળવવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત આગેવાનો અને અધિકારીઓએ ગ્રામજનોને સ્વચ્છતા જાળવવા, પર્યાવરણને સંરક્ષિત કરવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરિત કર્યા હતા.આ કાર્યક્રમમાં મહેસાણા ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, અગ્રણી સર્વે શ્રી હિતેન્દ્રભાઈ ચૌધરી, શ્રી મિલનભાઈ પટેલ, શ્રી દિલીપભાઈ પ્રજાપતિ, વિજયા લક્ષ્મીબેન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્ચાર્જ નિયામકનીશ્રી હર્ષનિધિ શાહ, મહેસાણા તાલુકા વિકાસ અધિકારીશ્રી, **BRC** કોઓર્ડિનેટર શ્રી ઈલિયાસભાઈ, કડવાસણ ગામના સરપંચશ્રી, સ્વચ્છ ભારત મિશનના જિલ્લા કોઓર્ડિનેટરશ્રી દિપીકાબેન પટેલ તેમજ તાલુકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચૂંટણી પંચે ઈ-સાઇન સુવિધા શરૂ કરી, મતદારોને મોટો ફાયદો થશે

નવીદિલ્હી,તા.૨૫

ભારતીય ચૂંટણી પંચે દેશભરના મતદારો માટે એક મોટી સુવિધા શરૂ કરી છે. મતદાર યાદીમાંથી નામ ઉમેરતી વખતે કે કાઢી નાખતી વખતે ઓળખની ભૂલો અટકાવવા માટે ચૂંટણી પંચે ઈ-સાઈન સુવિધા શરૂ કરી છે. ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે આ સુવિધા જુલાઈ-ઓગસ્ટમાં શરૂ કરવામાં આવી હતી. રાહુલ ગાંધીના આરોપો સાથે આનો કોઈ સંબંધ નથી.ચૂંટણી પંચે તેના સત્તાવાર ઈ સાઈન પોર્ટલ અને એપ પર એક નવું 'ઈ-સાઈન' ફીચર શરૂ કર્યું છે.

નવા મતદારો તરીકે નોંધણી કરાવવા માંગતા હોય અથવા નામ કાઢી નાખવા/સુધારવા માટે અરજી કરવા માંગતા હોય તેમણે તેમના આધાર સાથે લિંક કરેલા મોબાઈલ નંબર દ્વારા તેમની ઓળખ ચકાસવાની રહેશે.






## ફિલ્મી ગપશપ

**'ત્રણ વર્ષની રાહા માટે સેટ પર વેનિટી વાન હતી'**

# આલિયાના પિતા મહેશ ભટ્ટનો ખુલાસો, કહ્યું- 'તે જગ્યા નર્સરી સ્કૂલ અને મંદિર જેવી હતી'



આલિયા ભટ્ટ અને રણબીર કપૂરની દીકરી રાહા હજુ ત્રણ વર્ષની પણ નથી થઈ, પરંતુ તેને સેટ પર પહેલેથી જ વેનિટી વાન આપવામાં આવી છે. આ ખુલાસો ખુદ રાહાના નાના એટલે કે ફિલ્મ નિર્માતા મહેશ ભટ્ટે કર્યો છે.'હ્યુમન્સ ઓફ બોમ્બે' (વેબસાઈટ) સાથે વાત કરતા મહેશ ભટ્ટે કહ્યું, 'આલિયા પરિણીત છે, તેને એક દીકરી છે અને તે કામ કરે છે. તે તાજેતરમાં 'ગુચી'? (ફેશન બ્રાન્ડ)ના એક કાર્યક્રમમાં મિલાન (ઈટાલી) ગઈ હતી, અને તેની દીકરીને પણ સાથે લઈને ગઈ હતી. મેં તાજેતરમાં જ તેની સાથે એક જાહેરાત શૂટ કરી, અને અમિતાભ બચ્ચન પણ ત્યાં હતા. મેં જોયું કે રાહા માટે એક વેનિટી વાન હતી. મહેશ ભટ્ટે વધુમાં ઉમેર્યું, 'આલિયાએ કહ્યું, પપ્પા, તમે રાહાના રૂમમાં કેમ નથી બેસતા? હું ત્યાં ગયો ન હતો કારણ કે, તે જગ્યા નર્સરી સ્કૂલ જેવી દેખાતી હતી. તે લગભગ મંદિર જેવી હતી. મેં કહ્યું, ના, ના, કોઈ વૃદ્ધ માણસ ત્યાં જઈ શકતો નથી. આ નવી પેઢીની હીરોઈન છે. તેઓ કામ કરે છે, પેરેન્ટિંગ કરે છે અને તેમના બાળકને કાર્યક્રમોમાં લઈ જાય છે.

નોંધનીય છે કે, મહેશ ભટ્ટનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સ્ટાર્સની માંગણીઓને લઈને ચર્ચા ચાલી રહી છે.

તાજેતરમાં, બોલિવૂડના 'મિસ્ટર પરફેક્શનિસ્ટ'? આમિર ખાને કોમલ નાહટા સાથેની વાતચીતમાં સ્ટાર્સની પ્રોડ્યૂસર્સ પાસેથી માંગણીઓની ટીકા કરી હતી.

આમિરે કહ્યું હતું કે, 'મેં સાંભળ્યું છે કે, આજના સ્ટાર્સ પોતાના ડ્રાઈવરોના પૈસા આપતા નથી. તેઓ નિર્માતાને પૈસા આપવાનું કહે છે. એટલું જ નહીં, પ્રોડ્યૂસર તેમના સ્પોટ બોય માટે પણ પૈસા આપે છે, પરંતુ વાત ત્યાં અટકતી નથી. તેઓ પ્રોડ્યૂસરને તેમના ટ્રેનર અને રસોઈયા માટે પણ પૈસા આપવાનું કહે છે. મેં સાંભળ્યું છે કે હવે તેમની પાસે સેટ પર લાઈવ કિચન છે અને તેઓ પ્રોડ્યૂસર્સને તેના માટે પૈસા આપવાનું કહે છે. તેઓ કિચન અને જીમના ઉપયોગ માટે ઘણી વેનિટી વાન પણ માંગે છે.'

## ગરબાને ઘેરી લઈને ટોળાએ ૩ બાજુથી પથ્થરમારો કર્યો

# નવરાત્રીમાં શાંતિ ડહોળવા પ્રયાસ : ગાંધીનગરના બહિયલમાં હિંસા : પથ્થરમારો - તોડફોડ - આગજની : ટીયરગેસ છોડાયો

### પોલીસ પર પણ પથ્થરમારો : અર્ધો ડઝન પોલીસ વાહનોમાં તોડફોડ : કેટલાંકને ઈજા : ગામમાં વધારાનો કાફલો તૈનાત કરાયો

ગાંધીનગર,તા.૨૫

નવરાત્રીના પાવન પર્વમાં ગુજરાતમાં ફરી શાંતિ ડહોળવાનો પ્રયાસ થયો હોય તેમ ગાંધીનગરના દેહ ગામનાં બહીયલમાં તોફાનો-હિંસા થયા હતા સોશ્યલ મિડિયામાં સ્ટેટસ મુદ્દે મામલો બીચકતા બે જુથનાં ટોળા સામસામા આવી ગયા હતા.

ગરબામાં પથ્થરમારો થતા કેટલીક મહિલા ઘાયલ થઈ હતી. દુકાનો-વાહનોમાં તોડફોડ-આગ ચાંપી દેવામાં આવી હતી. પોલીસ પર પણ હુમલો થતાં ટીયરગેસનાં સેલ છોડવામાં આવ્યા હતા.

ગાંધીનગરનાં બહીયલ ગામમાં ગઈરાત્રે નવરાત્રીનાં ત્રીજા નોરતે



સોશ્યલ મિડિયા સ્ટેટસથી વિવાદ થયો હતો અને એક ટોળાએ ધસી આવીને ઓચિંતો પથ્થરમારો શરૂ કરી દીધો હતો. ગરબાને નિશાન બનાવીને પથ્થરમારો કરાયો હતો. ગરબા ચાલુ હતા ત્યારે જ ટોળાએ ત્રણ બાજુએથી પથ્થરમારો શરૂ કરી દીધો હતી.

૨૫ જેટલી કાર-વાહનોને નુકશાન થયુ હતું.ટોળાએ દુકાનોના શર્ટર તોડીને આગચંપી કરી દીધી હતી. આ બનાવની જાણ થતા પોલીસ કાફલો ધસી ગયો હતો ત્યારે ટોળાએ પોલીસ પર પણ પથ્થરમારો શરૂ કરી દીધો હતો ઉપરાંત પોલીસ વાનમાં તોડફોડ શરૂ કરી દીધી હતી.

ટોળાને વિખેરવા તથા પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસ દ્વારા ટીયરગેસના પાંચ સેલ છોડવામાં આવ્યા હતા.ગામમાં અચાનક હિંસક ઘટનાક્રમોને પગલે પોલીસ વડા સહીતના અધિકારીઓ પહોંચી ગયા હતા. વધારાનો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો હતો.તોફાનો-હિંસામાં સામેલ શખ્સોની ઓળખ મેળવીને આકરી કાર્યવાહીની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

બરીયલ ગામમાં ચાલુ ગરબાએ હિંસા-તોફાનોને પગલે ભયનો માહોલ સર્જાયો હતો. પોલીસે મોડી રાત્રે પરિસ્થિતિ કાબુમાં લીધી હોવા છતા હજુ અજંપાભરી સ્થિતિ ગણાવાય રહી છે.નવરાત્રીનાં પવિત્ર દિવસોમાં જ પાટનગરના ગામમાં હિંસા-તોફાનોને પગલે રાજય સરકાર પણ સાબદી થઈ ગઈ છે.હાલત તાત્કાલીક કાબુમાં આવે અને ફરીથી શાંતિ સ્થપાવા સાથે પરિસ્થિતિ નોર્મલ બને તે માટે તાત્કાલીક પગલા લેવાની સુચના આપવામા આવી હતી. ઉપરાંત શાંતિ ડહોળવાનો પ્રયત્ન કરનારા તત્વો-ટોળાને પકડવાની તાકીદ કરવામાં આવી હતી.

## અમદાવાદ મેડિકલ એસોસિયેશનની મહિલા ક્લબ દ્વારા ગીત-સંગીત અને ભજનનો કાર્યક્રમ યોજાયો

# મહિલા સશક્તિકરણના ભાગરૂપે વર્ષ ૨૦૨૪-૨૫માં અમદાવાદ મેડિકલ એસો.ની મહિલા ક્લબ દ્વારા અનેક કાર્યો હાથ ધરાયા : ડો.રજની મહેશ્વરી

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૫

તાજેતરમાં અમદાવાદ મેડિકલ એસોસિયેશન મહિલા ક્લબ દ્વારા સંસ્થાનાં હોલ,આશ્રમ રોડ ખાતે મહિલા ક્લબના પ્રમુખ ડો.રજની મહેશ્વરીના કાર્યકાળનું એક વર્ષ પૂર્ણ થતા તે ઉપલક્ષમાં વિદાય સમારંભ સન્માનરૂપે એક સંગીતમય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં મહિલા ક્લબની મહિલા સભ્યો, શુભેચ્છકો અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.




આ સંગીતમય કાર્યક્રમમાં હૃદયસ્પર્શી લાગણીસભર હિન્દી અને ગુજરાતી ગીતો,ભજનો નૃત્ય ગરબા સાથે યુવા ડોકટર્સ તેમજ અન્ય કલાકારોએ તેમની મધુર અવાજમાં રજુ કરી ઉપસ્થિત દર્શકોની તાળીઓના ગડગડાટ સાથે મન મોહી લીધા હતા.

આ પ્રસંગે પોતાનાં વિદાય સન્માન પ્રસંગમાં ડો.રજની મહેશ્વરીએ જણાવ્યું હતું કે મારા પ્રમુખપદના સાનિધ્ય રૂપે આ છેલ્લું હૃદયસ્પર્શી લાગણી સભર રાત્રી ગીત સંગીતમય કાર્યક્રમ આપ સૌને ગમ્યો હશે.આ કાર્યક્રમ પ્રેમ,આનંદ અને હાસ્યરૂપી ઉમંગથી ભરપૂર હતો જે આપણે સૌને હંમેશ માટે યાદ રહેશે.છેલ્લા એક વર્ષમાં મહિલાઓનાં સશક્તિકરણના ભાગરૂપે મહિલા ક્લબની મારી ટિમ દ્વારા અનેક કાર્યક્રમો અને સેમિનાર યોજાયા હતા જેમાં ૨૦૨૪-૨૫માં નવરાત્રી મહોત્સવ, ફૂલ તોરણ હરીફાઈ શરદ ઉત્સવ, દિવાળીમાં ગેટ ટુ ગેધર, ચિલ્ડ્રન ડે નિમિત્તે મ્યુ.શાળાઓમાં ચિત્ર હરીફાઈ, સૂજાક થેરેપી-એક્યુપ્રેસર કાર્યક્રમ, યોગ શિબિર, સાયબર સલામતી જાગ્રતતા કાર્યક્રમ, પ્રજાસત્તાક દિવસની ઉજવણી, પીકનીક પ્રવાસ, મહિલા સ્વાસ્થ્ય ચેકઅપ, પેલ્વિક પાવર વર્કશોપ,મહિલાઓ માટે વ્યંજન ફૂડ હરીફાઈ, યુવા તરુણીઓ માટે આપણું શરીર આપણી સમજ કાર્યક્રમ, વુમન કેન્સર સ્કેનિંગ કેમ્પ, વૃક્ષારોપણ કાર્યક્રમ,આઈ-ચેક અપ સેમિનાર ડો.વિમલ મહેશ્વરી-નયનનું નજરાણું વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બધા કાર્યક્રમોમાં મને મારી મહિલા ટિમ દ્વારા પુરેપુરો સહકાર મળ્યો છે જેના માટે હું એમની આભારી છુ.મારુ એક જ લક્ષ્ય હતું કે મેં મારા એક વર્ષનાં કાર્યકાળમાં મહિલા ક્લબના મહિલા સભ્યો માટે શ્રેષ્ઠ કાર્યક્રમો આપવાનો પુરેપુરો પ્રયાસ કર્યો છે જેના લીધે આપણી ક્લબ વિકાસશીલ અને વાયબ્રન્ટ બની પ્રગતિનાં પંથે આગળ વધી મહિલાઓનાં આરોગ્ય, સામાજીક ઉત્થાન માટે કામ કરતી રહેશે એવી શુભેચ્છા સાથે અપેક્ષા રાખું છુ.

## એશિયામાં આરોગ્ય, સલામતી અને પર્યાવરણ શ્રેષ્ઠતામાં બેન્ચમાર્ક

# અમદાવાદ એરપોર્ટને પ્રતિષ્ઠિત બ્રિટિશ સેફ્ટી કાઉન્સિલનું ફાઇવ-સ્ટાર રેટિંગ

અમદાવાદ,તા.૨૫

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ (SVPI) ને બ્રિટિશ સેફ્ટી કાઉન્સિલ, યુકે દ્વારા પ્રતિષ્ઠિત ફાઈવ સ્ટાર રેટિંગ એનાયત કરવામાં આવ્યું છે. આ વર્ષે તેની આરોગ્ય, સલામતી અને પર્યાવરણ (HSE) યાત્રામાં તે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. જીફૈં એરપોર્ટ ભારત અને એશિયામાં એકમાત્ર એરપોર્ટ છે જેણે ૨૦૨૫ માં આ સન્માન મેળવ્યું છે, જે તેને ઉત્કૃષ્ટ ઊંજીઈ ધોરણો માટે વિશ્વભરમાં માન્યતા પ્રાપ્ત એરપોર્ટના પસંદગીના જૂથમાં સ્થાન આપે છે.

૪,૫૦૦ વૈશ્વિક શ્રેષ્ઠ-પ્રેક્ટિસ પોઈન્ટ સામે સખત, જથ્થાત્મક ઓડિટ બાદ તે આપવામાં આવ્યું છે. ફાઈવ-સ્ટાર રેટિંગ દરેક ટચપોઈન્ટ પર મુસાફરો, કર્મચારીઓ, હિસ્સેદારો, સેવા ભાગીદારો અને કોન્ટ્રાક્ટરો માટે HSE ઉત્કૃષ્ટ



અનુભવો માટે SVPI એરપોર્ટના અસાધારણ સમર્પણને દર્શાવે છે.

SVPI એરપોર્ટની આ સિદ્ધિને આગળ ધપાવવામાં સલામતી પહેલોનું મહત્વ રહ્યું છે. aviio એપ દ્વારા ડિજિટલ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) નું અમલીકરણ, જે માત્ર SOP ડિજિટલાઈઝેશન જ નહીં પરંતુ સતત સુધારણા માટે સુધારાત્મક અને નિવારક પગલાં (CAPA) ટ્રેકિંગને પણ સમર્થન આપે છે.

સલામતી અને પ્રોજેક્ટ દેખરેખ માટે અદ્યતન છૈં-આધારિત સર્વેલન્સ કેમેરાનું સ્થાપન. એરપોર્ટ શૂન્ય નુકસાનના ધ્યેય સાથે મજબૂત સલામતી, દેખરેખ અને અમલીકરણ પર ભાર મૂકે છે.HSE મેનેજમેન્ટને મજબૂત બનાવવા ઈન-હાઉસ ડિજિટલ પ્લેટફોર્મ્સનો પરિચય અને એપ્લિકેશન દ્વારા શાસન, તાલીમ, ઓપરેશનલ મોનિટરિંગ અને ઍક્સેસ નિયંત્રણ માટે સમર્પિત સલામતી શ્રેષ્ઠતાની સ્થાપના કરી છે.

વર્કર અને સ્ટાફમાં ચાલુ શિક્ષણ અને સલામતી જાગૃતિ માટે ઈન-હાઉસ સલામતી શિક્ષણ પોર્ટલ સાથે જીવન સલામતી સિસ્ટમ આવશ્યકતાઓ (LSSR) ટ્યુટોરીયલ વિડિઓઝ, વિશિષ્ટ ઈન્ડક્શન અને તાલીમ મોડ્યુલ્સનો ઉપયોગ તેમજ શરૂઆતથી ઝીરો લોસ્ટ ટાઈમ ઈજા (ૣ) સાથે ઉત્કૃષ્ટ ૧૫ મિલિયન સલામત મેન-અવર્સ પ્રાપ્ત કર્યા.ટર્મિનલ્સમાં સ્વચ્છતા ધોરણોને સુધારવા માટે ૨૪ સફાઈ રોબોટ્સ તૈનાત કર્યા.

# કર્ણાવતી ક્લબના પ્રમુખપદે ચેતન શાહની વરણી કરાઈ : આવકાર




(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૫

કર્ણાવતી ક્લબ લિમિટેડની ૨૦૨૫-૨૬ના વર્ષ માટે નવી મેનેજિંગ કમિટીની રચના કરવામાં આવી છે.

જેમાં પ્રમુખ તરીકે ચેતન ડી. શાહ, માનદ મંત્રીપદે અજય બી. ઠક્કર, ઉપ પ્રમુખપદે જયેશ એચ. મોદી, નિમેષ ડી. પટેલ, કેતન બી. પટેલ અને સહ માનદ મંત્રી તરીકે મનસ્વી એમ. થાપર અને નિલેશ આર. દેસાઈની નિમણૂક કરાઈ છે.

આ ઉપરાંત ૨૦૨૫-૨૬ના ડિરેક્ટર તરીકે અમરીશ પટેલ, જયંતિલાલ જકાસણિયા, અનિલ પટેલ, કિન્નર શાહ, ડો.આશિષ દેસાઈ, નગીનભાઈ પટેલ, આશિષકુમાર અમીન, નિકી પટેલ, ભાવેશ વઘાસિયા, પરેશ પટેલ, ભાવેશ લાખાણી, રાકેશ પટેલ, ધવલ બારોટ, રોનક જોબલીયા, દુર્ગેશ બુચ, ડો. સંજય ગાંધી, ગિરીશ દાણી, સૌરભ બ્રહ્મભટ્ટ, હસમુખ શાહ, સતીશ શાહ, હિતેન વસંત, શૈશવ શાહ, જગદીશભાઈ પટેલ અને વિજય મહેતાનો સમાવેશ થાય છે.

## ખેલમહાકુંભમાં ૫ ગોલ્ડ, એક સિલ્વર મેડલ જીત્યા છે

# સુરતનો નેશનલ લેવલનો ખેલાડી તમંચા સાથે ઝબ્બે : રમત જગતમાં સોંપો પડ્યો

સુરત,તા.૨૫

રમતગમત જગતમાં અનેક મેડલ જીતનાર અને શહેરનું નામ રોશન કરનાર એક પ્રતિભાશાળી ખેલાડી, કાયદાના ઘેરાવમાં આવી ગયો છે. સુરત શહેરના ચોકબજાર પોલીસ સ્ટેશનની ટીમે ફુલવાડી-ભરીમાતા રોડ પરથી નેશનલ લેવલનો ખેલાડી વિકાસ અશોક ભાર્ગવને તમંચા સાથે ઝડપી પાડતા, રમતપ્રેમીઓ અને સમાજમાં ભારે ચકચાર મચી ગઈ છે.

૩૦ વર્ષીય વિકાસ ભાર્ગવ શહેરના વેડ રોડ પર આવેલ અક્ષય એપાર્ટમેન્ટમાં રહે છે. બાળપણથી જ રમતગમત ક્ષેત્રે તેજસ્વી હતો. શૂટિંગ



અને વોલીબોલમાં તેની સિદ્ધિઓએ સુરત જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું.

ખેલ મહાકુંભમાં વિકાસે પાંચ ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીતીને લોકોની નજરમાં રાઈઝિંગ સ્ટાર બની ગયો હતો. અંડર-૧૪થી લઈને નેશનલ લેવલ સુધી ગુજરાતનું પ્રતિનિધિત કરનાર વિકાસે અનેક ટૂર્નામેન્ટ્સમાં પોતાનો પરાક્રમ દર્શાવ્યો હતો.

પોલીસે ચોક્કસ બાતમીના આધારે ભરીમાતા રોડ પર વોચ ગોઠવી હતી. ત્યાંથી પસાર થતો વિકાસ પોલીસના શંકાના ઘેરામાં આવ્યો. તેની તપાસ કરતાં પોલીસે તેના પાસે બનાવટી તમંચો શોધી કાઢ્યો.

પૂછપરછમાં વિકાસે સ્વીકાર્યું કે આ હથિયાર તેને વેડ રોડ આનંદપાર્કમાં રહેતા તેના મિત્ર ઋત્વિક ઉર્ફે સોનિયો પ્રકાશ જોગીએ સાચવવા માટે આપ્યું હતું. વર્ષ ૨૦૨૨માં પણ તે હત્યા કરવાની કોશિશ અને આર્મ્સ એક્ટ હેઠળના કેસમાં સહાય કરવાના ગુનામાં ઝડપાઈ ચૂક્યો હતો.

# કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા..લાગ્યો રે લોલ! આસોના નવરાત્ર આવ્યા અલ્યા ગરબા.. આવ્યા રે લોલ!!



યશપાલસિંહ ટી.વાઘેલા

દરબાર ગઢ થરા

નવલાં નોરતાં સડસડાટ પસાર થઈ રહ્યાં છે. આ વર્ષે નવ દિવસ નહી પણ દશ દિવસ છે. શહેરમાં ધંધાદારી પાર્ટી પ્લોટની જમાવટ નો ક્રેઝ વધ્યો છે.પરંતુ લોકો બધી રીતે ખુશ અને ઉત્સવો ઉજવવામાં મશગૂલ છે..બીજું રાઝને રાઝ રહેવા દઈ મા શકિતની આરાધના ઉપાસના જે ભાવથી લોકો કરતાં હોય તેમને કરવા દઈ આપ સૌ આનંદ કરો. સાચી રે મારી સત્ રે ભવાનીમા અંબા ભવાનીમા હું તો તારી સેવા કરીશ મૈયા લાલ... નવરાત્રિનો થનગનાટ શેરી મહોલ્લામાં શરૂ થઈ ગયો આજે આસો સુદ ચોથ અને પાંચમું નોરતુ.ગઈકાલે રાજયમાં કેટલાક નવા તાલુકાની જાહેરાત થઈ છે. નવરાત્રિ એટલે નવ દિવસ માટે ચાલતો ગરબાનો મહોત્સવ મહાકવિ કાલિદાસે પણ કહ્યું છે કે ઉત્સવ પ્રિયાઃખલુ માનવાઃ અર્થાત મનુષ્ય માત્ર સ્વભાવથી ઉત્સવ પ્રિય છે.તેને વિવિધ ઉત્સવોના રંગે રંગાવું ગમતું હોય છે.દેવી ભગવતી પુરાણ અનુસાર, માતા દુર્ગાના ચોથા સ્વરૂપને કૂષ્માંડા કહેવામાં આવે છે.માતાકૂષ્માંડાની આઠભુજાઓ છે. માતાના એક હાથે જપમાળ છે અને અન્ય સાત હાથમાં ધનુષ, બાણ, કમંડલ, કમળ, અમૃતથી ભરેલ કળશ, ચક્ર અને ગદા છે.

શારદીય નવરાત્રિ ૨૧મી સપ્ટેમ્બરથી શરૂ થઈ ગઈ છે. માતા દુર્ગાના નવ સ્વરૂપોમાંથી ત્રણ સ્વરૂપોની પૂજા થઈ ચૂકી છે. ચોથા દિવસે માતા દુર્ગાના ચોથા સ્વરૂપ માતા કૂષ્માંડા દેવીની પૂજા કરવામાં આવે છે. પરંતુ આ વખતે ચતુર્થી તિથિ ઉદયા તિથિ સાથે ન હોવાથી ૨૬મી સપ્ટેમ્બરે નવરાત્રિનો પાંચમો દિવસને આસો સુદ ચોથ. આ આધારે આ એક દિવસ આગળ સરકશે. શાસ્ત્રો અનુસાર માનવામાં આવે છે કે માતા કૂષ્માંડાની પૂજા વિધિ પ્રમાણે કરવાથી વ્યક્તિ દરેક પ્રકારના દુઃખ-દરિદ્રતામાંથી મુક્ત થાય છે અને જીવનમાં ખુશી જ ખુશી આવે છે. માન્યતા છે કે માતા કૂષ્માંડાએ સૃષ્ટિની રચના કરી હતી 'કૂષ્માંડા' એક સંસ્કૃત શબ્દ છે,જેનો અર્થ છે ×કુમ્હાડો× (પેઠા) અને તેની બલિ આપવામાં આવે છે હવે આપણે જાણીએ માતા કૂષ્માંડાની પૂજા માટે યોગ્ય તારીખ શુભ મુહૂર્ત, પૂજાવિધિ,મંત્ર,ભોગ અને આરતી

નવ દિવસનો આ ઉત્સવ એ કદાચ દુનિયાનો સૌથી લાબામાં લાંબો ચાલતો મહોત્સવ છે. નાના બાળકથી માંડી આબાલવૃદ્ધ સૌ તેમાં




ઉત્સાહપૂર્વક જોડાઈ માતૃ પૂજાના આ પર્વને પ્રેમપૂર્વક વધાવી લેતા હોય છે.નવ દિવસ ના નોરતાની તૈયારીઓ કઈ રીતે કરવામાં આવતી હોય છે. ગુજરાત તેની ગરબાની આગવી પરંપરા માટે વિશ્વભરમાં જાણીતું

છે.એવું કહી શકાય કે ગરબો એ ગુજરાતનું વિશ્વને સવર્શ્રેષ્ઠ પ્રદાન છે આવી રીતે નવરાત્રીના નોરતા ની ખુબજ ઉમળકાભેર આગતા સ્વાગતા કર્યા બાદ મંદિરના દ્વાર ખોલવા માટે ભકતો માતાજીને વિનંતી કરે છે.નવરાત્રિ ઋતુ પરીવર્તનનો સમય છે,તેને શાસ્ત્રો માં સંધિકાળ એટલે બે ઋતુઓનું મિલન.જયારે સમગ્ર પ્રકૃતિમાં ફેરફાર થાય છે.આ મોસમમા ખાસ કરીને શિતઋતુનો પ્રભાવ પડે છે.વર્ષાઋતુના અંત સમયમાં શરીરની પાચન શક્તિ મંદ પડી જાય છે,હાનિકારક કીટાણુ ઉત્પન્ન થાય છે.ધી અને તેલનો દીવો પ્રગટાવવાથી તથા ઔષધીય પદાર્થોના હવનથી વાતાવરણ શુદ્ધ થાય છે હિન્દી ધર્મશાસ્ત્રોનુ સાર (૧)કાર્તિક નવરાત્રિ (૨) માઘ (મહા)નવરાત્રિ (૩) ચૈત્રી નવરાત્રિ (૪)અશ્વિન (આસો) નવરાત્રિ. એમ ચાર નવરાત્રનો મહિમા છે તેમાં અશ્વિન માસના નવરાત્રનો મહિમા અધિક મનાય છે. નવરાત્રિ એટલે શક્તિ,માતા કે દેવીની આરાધનાનું પૂર્વ.આપણા ગુજરાતમાં શકિત સંપ્રદાયની મુખ્ય ત્રણ શક્તિપીઠો પાવાગઢ, બહુચરાજી અને અંબાજી આવેલી છે. આમ તો બારેમાસ આ યાત્રાધામોએ નવરાત્ર શ્રધ્ધાળુઓની આવન જાવન રહે જ છે, પરંતુ ખાસ કરીને નવરાત્રીમાં તેનું મહત્વ અને મહાત્મ્ય કંઈક વિશેષ જ હોય છે

માતા કૂષ્માંડાની સ્તુતિ મંત્ર-×યા દેવી સર્વભૂતેષુ મા કૂષ્માંડાં રૂપેણ સંસ્થિતા?

નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ?×માતા કૂષ્માંડાની પ્રાર્થના..સુરાસંપૂર્ણ કલશં રુધિરાપ્લુતમેવ ચ?દધાના હસ્ત પદ્માભ્યાં કૂષ્માંડા શુભદાસ્તુ મે?×

માતા કૂષ્માંડાનો બીજ મંત્ર

×ઐં હ્રી દેવ્યૈ નમઃ×

નવરાત્રિના પાંચમા દિવસે સૂર્યોદય પહેલા ઉઠીને તમામ કાર્યો પૂર્ણ કરી સ્નાન કરી લો. પહેલા કળશ વગેરેમાં રાખેલા જૂના ફૂલ, ભોગ વગેરે હટાવી દો અને પછી પૂજા શરૂ કરો. માતા દુર્ગા અને તેમના સ્વરૂપોની પૂજા કરો. સિંદૂર, ફૂલ, માળા, અક્ષત, કુમકુમ, રોલી વગેરે ચઢાવો. માતા કૂષ્માંડાનો પ્રિય ભોગ માલપુઆ ધરાવો. પછી પાણી ચઢાવો. પછી ઘીનો દીવો અને ધૂપ જલાવો, અને માતા દુર્ગા ચાલીસા, દુર્ગા સપ્તશતીનું પાઠ અને માતા કૂષ્માંડાના મંત્ર, સ્તોત્ર વગેરેનો પાઠ કરો. અંતમાં વિધિ મુજબ આરતી કરીને ભૂલચૂક માફી માંગો

માતા કુષ્માંડાની આરતીકુષ્માંડા જય જગ સુખદાનીમુજ પર દયા કરો મહારાની પિંગલા જવાલા મુખી નિરાલી શાકંબરી મા ભોલી ભાલી લાખો નામ નિરાલે તેરે

ભક્ત કઈ મતવાલે તેરે ભીમા પર્વત પર હે ડેરા સ્વીકારો પ્રણામ યે મેરા સબકી સુનતી હો જગદંબે

સુખ પહોંચાતી હો મા અંબે તેરે દર્શન કા મેં પ્યાસા પૂર્ણ કર દો મેરી આશા મા કે મનમેં મમતા ભારી ક્યોં ન સુનેગી અરજ હમારી તેરે દર પર કિયા હે ડેરા

દુર કરો મા સંકટ મેરા મેરે કારજ પુરે કર દો મેરે તુમ ભંડારે ભર દો

તેરા દાસ તુજે હી ધ્યાએ ભક્ત તેરે દર શીશ ઝુકાએ.

આજે આપણે પણ આ નવલા નોરતાંની કોલમમાં એક ગરબાની ઝલક લઈએ.. બોલો અંબે માતની જય..લ્યો ત્યારે બોલાવો રમઝટ.. કેસરિયો રંગ તને લાગ્યો કે ગરબા કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ આસોના આવ્યા અલ્યા ગરબા, આસોના નવરાત્ર આવ્યા રે લોલ ઝીણા ઝીણા જાળિયાં મુકાવ્યાં રે ગરબા ઝીણા ઝીણા જાળિયાં મુકાવ્યા રે લોલ કંકુના સાથિયા પુરાવ્યા રે ગરબા, કંકુના સાથિયા પુરાવ્યા રે લોલ કોના કોના માથે ત્યાં રે ગરો, કોના કોના માથે ત્યા રે લોલ નાની નાની બેનડીના માથે રે ગરબો, નાની નાની બેનડીના માથે રે લોલ કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ ઘૂમતો ઘૂમતો આવ્યો કે ગરબો, ઘૂમતો ઘૂમતો આવ્યો રે લોલ હરતોને ફરતો આવ્યો રે આરાસુર, હરતો ને ફરતો આવ્યો રે લોલ મા અંબાએ તને વધાવ્યો રે ગરબા,મા અંબાએ તને વધાવ્યો રે લોલ હરતોને ફરતો આવ્યો રે પાવાગઢ,હરતોને ફરતો આવ્યો રે લોલ મા કાળીએ તને વધાવ્યો રે ગરબા,મા કાળીએ તને વધાવ્યો રે લોલ હરતોને ફરતો આવ્યો માટેલ ગામ,હરતોને ફરતો આવ્યો રે લોલ મા ખોડિયારે તને વધાવ્યો રે ગરબા, મા ખોડિયારે તને વધાવ્યો રે લોલ હરતોને ફરતો આવ્યો શંખલપુર, હરતોને ફરતો આવ્યો રે મા બહુચરે તને વધાવ્યો રે ગરબા, મા બહુચરે તને વધાવ્યો રે લોલ કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા કેસરિયો રંગ તને લાગ્યો રે.

**૧૭ નવા તાલુકા રચવા સરકારે ૧૧ જિલ્લાઓમાં સીમાંકન બદલ્યા : સ્થાનિક ચૂંટણીઓ પૂર્વે મહત્વનો ફેરફાર**

# વાવ-થરાદના અલગ જિલ્લા માટે ફાળવાયેલા તાલુકામાં ડેમેજ કંટ્રોલ : આદિવાસી મત વિસ્તારોની વોટબેંકની ચિંતા કરાઇ

**પહેલા ૯ મહાનગરપાલિકા રચી હવે ૧૭ નવા તાલુકા રચ્યા : મુખ્યત્વે દક્ષિણ ગુજરાત ટાર્ગેટ : સૌરાષ્ટ્રમાં નવા જિલ્લા રચાયા બાદ તાલુકાની રચનામાં ફેરફારની અપેક્ષા હતી**

**વાવ-થરાદના નવા જિલ્લા રચવામાં સર્જાયેલો વિરોધ ચૂંટણીમાં વધુ નુકસાન કરે તેવી ધારણાથી કરાયેલા ફેરફારો મહત્વના : વહીવટનું વિકેન્દ્રીકરણ થયું હવે તેની હકારાત્મક અસર પર નજર**



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૫

ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીઓ તોળાઇ રહી છે તે સમયે રાજય સરકારે અચાનક જ ૧૭ નવા તાલુકાઓની રચના કરવાનો અને ચૂંટણી પૂર્વે જ નવા સીમાંકનનો અમલ કરીને આ નવા તાલુકાઓને સ્થાનિક સ્તરે શાસન આપવાનો જે નિર્ણય કર્યો છે તેની પાછળ આ વિસ્તારોના ૧૧ જેટલા જિલ્લાઓનું રાજકારણ તથા વહીવટી બંને કારણો જવાબદાર હોવાનું વધુ માનવામાં આવે છે.

સરકારે જે રીતે બનાસકાંઠા ઉપરાંત દાહોદ, અરવલ્લી, સુરત તથા ખેડા, મહિસાગર, પંચમહાલ, નર્મદા, વલસાડ, છોટાઉદેપુર, તાપીને અસર કરે તે રીતે આ રીતે ફેરફાર કર્યા છે. વાસ્તવમાં સરકારે અગાઉ વાવ અને થરાદને જિલ્લો બનાવવા માટે જે જાહેરાત કરી હતી તે સમયે જ બનાસકાંઠા જિલ્લામાંથી તે અંગે પ્રશ્ન ઉઠયા હતા અને વિરોધ પણ શરૂ થયો હતો.સરકાર જોકે આ ફેરફારને એવું ગણાવે છે કે, વહીવટી સુગમતા માટે અને સ્થાનિક લોકોની માંગને સંતોષવા માટે આ ફેરફારો થયા છે. અગાઉ સરકારે ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજજો આપ્યો હતો અને આ વર્ષના અંતે યોજાનારી ચૂંટણીઓમાં આ ૯ મહાનગરપાલિકાઓની ચૂંટણી પણ યોજાશે.

રાજય સરકારે આ વર્ષે જ વાવ, થરાદને બનાસકાંઠામાંથી અલગ કરીને જિલ્લો બનાવવાની જાહેરાત કરી. જોકે તે સમયે અમદાવાદથી વિરમગામ ઉપરાંત મહેસાણા, ગાંધીનગરમાંથી અલગ વડનગર જિલ્લો બનાવવાની માંગ હતી. તે સંતોષાય નથી પરંતુ બુધવારના કેબીનેટના નિર્ણયમાં ફકત બનાસકાંઠાની જે રાજકીય વિરોધ સર્જાયો હતો.

તેને સંતોષવાની સાથે અન્ય જિલ્લાઓના વહીવટી નિર્ણયો પણ લેવાઇ ગયા અથવા સરકારે તક ઝડપી લીધી પરંતુ સૌરાષ્ટ્રમાં લાંબા સમયથી નવા જિલ્લા રચાયા બાદ તાલુકા કક્ષાએ ફેરફારો માટે ઘણા સમયથી માંગ હતી. તેને સંતોષાય નથી સરકાર હવે આ નવા રચાયેલા તાલુકામાં નવા સીમાંકન અને નવી ચૂંટણીઓ પૂર્વે તેનો અમલ કરવાનો પ્રયત્ન કરે તો નવેમ્બર-ડિસેમ્બરમાં દેખાતી ચૂંટણીમાં વિલંબ થઇ શકે છે.

જોકે તેના માટે ચૂંટણી પંચ કયારે સક્રિય થાય છે તે પ્રશ્ન છે. પરંતુ વાવ-થરાદને અલગ જિલ્લો આપવાનો જે નિર્ણય હતો તે અટકયો હતો અને હવે તે પણ આગળ વધશે. આમ ગુજરાતમાં ૩૪ જિલ્લાઓ વાસ્તવિકતા બની જશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં આ ફેરફાર મહત્વનો બની શકે છે.

અગાઉ બનાસકાંઠામાં લોકસભા ચૂંટણીમાં ભાજપને જે રીતે પરાજય મળ્યો અને મિશન-૨૬ સંપૂર્ણ થઇ ન શકી તે પછી સરકાર આ વિસ્તારમાં વધુ ધ્યાન આપે છે અને ગુજરાતમાં ૨૦૨૭ની વસ્તી ગણતરી સાથે નવા સીમાંકનની પણ તૈયારી છે. તે સમયે આ ફેરફાર મહત્વનું બની રહેશે.

---

**‘એક દિવસ, એક કલાક, એક સાથે સ્વચ્છતા માટે શ્રમદાન’ કાર્યક્રમ પ્રાંતિજ ખાતે યોજાયો**

## સ્વચ્છતાને જીવનનો ભાગ બનાવવા તેમજ આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા અપીલ કરતા બલવંતસિંહ રાજપુત



(ગરવી તાકાત) ઈડર તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ‘એક દિવસ, એક કલાક, એક સાથે સ્વચ્છતા માટે શ્રમદાન‘ અંતર્ગત જિલ્લા પ્રભારી અને ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં સ્વચ્છતા માટે શ્રમદાન કાર્યકર્મ યોજાયો હતો.

આ પ્રસંગે મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૦૧૪ થી ભારતને સ્વચ્છ બનાવવા માટે સ્વચ્છ ભારત મિશનની શરૂઆત કરવામાં આવી છે. જેની ૧૧ વર્ષની ઉજવણીના ભાગરૂપે ‘સ્વચ્છતા હી સેવા ૨૦૨૫‘ ને સ્વચ્છોત્સવ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યુ છે. ×સ્વચ્છતા હી સેવા અભિયાન× અંતર્ગત સ્વચ્છોત્સવ વડાપ્રધાનના જન્મ દિવસ તા.૧૭ સપ્ટેમ્બરથી શરૂ થયું છે જે રાજયમાં ૩૧ ઓક્ટોબર સુધી ચાલશે. આમ, જિલ્લામાં ઝુંબેશ સ્વરૂપે સફાઈ અભિયાન ચાલી રહ્યું છે. વડાપ્રધાન શ્રી એ પોતે હાથમાં ઝાડુ લઈ દેશને સ્વચ્છતાનો સંદેશ આપ્યો છે. ત્યારે આપણે સૌ આ સ્વચ્છતાના મહા અભિયાનમાં જોડાઈ આપણા આસપાસના વિસ્તારોને ગલી, મહોલ્લા વગેરેને સાફ રાખી દેશને સ્વચ્છ બનાવવા સહભાગી બનીએ. સ્વચ્છતાને જીવનનો ભાગ બનાવવા તેમજ આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા, એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવા, તેમજ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા ઉપસ્થિતોને અપીલ કરી હતી.

આ પ્રસંગે મહાનુભવોના હસ્તે સફાઈ કર્મીઓનું સફાઈ કીટ આપી સન્માન કરાયું તેમજ તેમના સારા આરોગ્ય માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા, ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ, જિલ્લા કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, પ્રાંતિજ પ્રાંત સુશ્રી આયુષી જૈન (આઈ. એ.એસ), નગરપાલિકા પ્રમુખ શ્રીમતી અનિતા પડિયા,પૂર્વ સાંસદ શ્રી દીપસિંહ રાઠોડ, જિલ્લા અગ્રણી શ્રી કનુભાઈ પટેલ, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, સફાઈ કર્મચારીઓ, નગરજનો, વિધાર્થીઓ મોટી સંખ્યામાં સફાઈ અભિયાનમાં સહભાગી બન્યા હતા.

---

**કાપણી, પોસ્ટ-હાર્વેસ્ટ ટેકનોલોજી, નિકાસલક્ષી ખેતી અને રોગ નિયંત્રણ પર માર્ગદર્શન, ડો. પિયુષ વર્માના માર્ગદર્શન હેઠળ**

## બીજ મસાલા પાકોની વૈજ્ઞાનિક ખેતી પર ખેડૂત તાલીમ : સરદાર કૃષિનગર યુનિવર્સિટીનું મહેસાણા તાલુકાના ૧૩૦ ખેડૂતો માટે આયોજન



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગરના તાબા હેઠળની બાગાયત મહાવિદ્યાલય, જગુદણ ખાતે ચાલતી “ડેવલપમેન્ટ એન્ડ ડીસ્ટિનેશન ઓફ હાર્વેસ્ટ એન્ડ પોસ્ટ-હાર્વેસ્ટ ટેકનોલોજી ફોર સીડ સ્પાઈસીસ” યોજના અંતર્ગત બીજ મસાલા પાકોની વૈજ્ઞાનિક ખેતી, કાપણી અને તે પછીની તજજ્ઞતાઓ વિષય પર તા. ૨૫/૦૯/૨૦૨૫ના રોજ બાગાયત મહાવિદ્યાલય જગુદણ ખાતે મહેસાણા તાલુકાના જુદા જુદા ગામના આશરે ૧૩૦ ખેડૂતો માટે ખેડૂત તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ખેડૂતોએ બીજ મસાલા પાકોની સુધારેલી ખેતી પદ્ધતિઓ વિશે મૂલ્યવાન માર્ગદર્શન મેળવ્યું, જે તેમના આર્થિક વિકાસમાં મદદરૂપ થશે.

તાલીમમાં બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય અને ડીન ડૉ. પિયુષ વર્મા, ડૉ. પી.જે. પટેલ (સંશોધન વિજ્ઞાની, બીજ મસાલા સંશોધન કેન્દ્ર, જગુદણ), સહપ્રાધ્યાપક અને વિભાગીય વડા ડૉ. એમ.બી. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક ડૉ. એચ.એન. લેઉઆ તથા મદદનીશ પ્રાધ્યાપક કુ. નાઝિયા પી. પઠાણે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું.

તાલીમમાં બીજ મસાલા પાકોનું મહત્વ, નિકાસલક્ષી ખેતી, સંકલિત રોગ જીવાત નિયંત્રણ, ક્લીનિંગ, ગ્રેડિંગ, યાંત્રિક પ્રોસેસિંગ અને મૂલ્ય વર્ધન જેવા વિષયો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી. આ તાલીમ કાર્યક્રમનું આયોજન અને સંકલન ડૉ. એમ.બી. પટેલ, સહપ્રાધ્યાપક દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું, જેમાં ખેડૂતોએ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોના અનુભવો અને તજજ્ઞતાથી લાભ લીધો.

આ યોજના બીજ મસાલા પાકોના વિકાસ અને ખેડૂતોને આધુનિક તકનીકો પ્રત્યે પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ છે, જે મહેસાણા તાલુકાના ખેડૂતોને ઉચ્ચ ઉત્પાદન અને આવક વધારવામાં મદદ કરશે.

---

**કૃષિ મંત્રી રાઘવજી પટેલે થરાદ, વાવ અને સુઈગામ તાલુકાના અતિવૃષ્ટિગ્રસ્ત ગામોની મુલાકાત લીધી**

# સરહદી વિસ્તારના ખેડૂતોને સહાય પહોંચાડવા સરકાર પ્રતિબદ્ધ: સરકાર હંમેશાં ખેડૂતોની પડખે ઊભી છે : મંત્રી રાઘવજી પટેલ

**અતિવૃષ્ટિના કારણે નુકસાનગ્રસ્ત થયેલા પાકનું મંત્રીએ નિરીક્ષણ કર્યુંઃ સ્થાનિક ખેડૂતો સાથે સંવાદ કર્યો**





(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)



(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૫

કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે બનાસકાંઠા જિલ્લાના સરહદી તાલુકા થરાદ, વાવ અને સુઈગામ તાલુકાના ગામડાઓની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારમાં ખેતી પાકોનું નિરીક્ષણ કરીને ગ્રામ લોકો સાથે સંવાદ કર્યો હતો.

મંત્રીશ્રી રાઘવજી પટેલે થરાદ તાલુકાના ખાનપુર ગામની મુલાકાત લીધી હતી. તેમણે ખાનપુર ગામના ખેડૂત રમેશભાઈના ખેતરની મુલાકાત લઈને અતિવૃષ્ટિના કારણે નુકસાનગ્રસ્ત થયેલા પાકનું નિરીક્ષણ કર્યુ હતું. તેમણે પાકની વાસ્તવિક સ્થિતિ અંગે સીધો ખેડૂત પરિવાર સાથે સંવાદ સાધી તેમની સમસ્યાઓને સમજવાનો પ્રયાસ કર્યો હતો.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હંમેશા ખેડૂતોના હિત માટે પ્રતિબદ્ધ રહી છે અને અતિવૃષ્ટિ કે કુદરતી આપત્તિના કારણે ખેડૂતોને થયેલ નુકસાનની સહાય ચૂકવવા માટે ઝડપી પગલા લેવામાં આવશે. મંત્રીશ્રીએ થરાદ સ્થિત નર્મદા કેનાલની વિઝિટ કરીને નિરીક્ષણ કર્યુ હતું. આ પ્રસંગે પૂર્વ સાંસદશ્રી પરબત પટેલ, સ્થાનિક ખેડૂતો સહિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીશ્રી રાઘવજી પટેલે સરહદી વિસ્તાર વાવ તાલુકાના ભાટવર અને સુઈગામ તાલુકાના કોરેટી અને ભરડવા ગામની મુલાકાત લીધી હતી. તેમણે અતિવૃષ્ટિ ગ્રસ્ત ખેતરોની વિઝિટ કરીને સ્થાનિક ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકાર સરહદી વિસ્તારના નાગરિકોની પડખે ઊભી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરહદી વિસ્તારના ખેડૂતોની ચિંતા કરીને તમામ પ્રકારની સહાય ચૂકવવા જણાવ્યું છે.

સર્વેની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે તથા સરકારશ્રી દ્વારા ખેડૂતોને તમામ પ્રકારની સહાયની મદદ કરવા માટે કટિબધ્ધ હોવાનું જણાવ્યું હતું. સ્થાનિક ખેડૂતોએ મંત્રીશ્રીને વરસાદી આફતની ઘટનાઓ અને નુકસાન અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે વાવ ધારાસભ્યશ્રી સવરૂપજી ઠાકોર સહિત વિવિધ પદાધિકારીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# સંક્ષિપ્ત સમાચાર

**યોગ કોચ રમીલાબેન પટેલ તથા ટ્રેનર દર્શન પટેલ દ્વારા**

## મહેસાણામાં સ્નેહ કુટીર વૃદ્ધાશ્રમમાં રહેતા લોકોને હસ્તા કરી દીધા



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મહેસાણા શહેર નજીક આવેલી સ્નેહ કુટીર વૃદ્ધાશ્રમમાં ચાલતી નિશુલ્ક યોગ કક્ષા ના ઉર્જાવાનચેરમેન શીશપાલજી રાજપુત પ્રેરણાથી ઝોન કો-ઓર્ડીનેટર અજીત કુમાર પટેલ નામ માર્ગદર્શન નીચે અને જિલ્લા કોઓર્ડીનેટર જે પી પટેલ પૂર્વ કોઓર્ડીનેટર ગૌતમભાઈ પ્રજાપતિના સહકારથી સવારે યોગ કોચ શ્રીમતી રમીલાબેન પટેલ યોગ ટ્રેનર દર્શન પટેલ વૃદ્ધાશ્રમમાં યોગા અભ્યાસ જેવા કે આસન અને પ્રાણાયામ કરાવી વૃદ્ધાશ્રમમા વૃદ્ધ લોકોનું શરીર સ્વસ્થ મનમસ્ત બનાવવા માટે તમામ આશ્રમમાં રહેતા લોકોને રોજ સવારે હસતા કરી દીધા છે. વિશેષ કે તેમને જણાવ્યું હતું હું આશ્રમમા વૃદ્ધ પરિવારને યોગ કરવા માટે મને એક આનંદ આવે છે.

---

## સાબરકાંઠા જિલ્લાની દિયોલી હાઈસ્કૂલના શિક્ષક સંદીપ પટેલને રાજ્યકક્ષાનો "ગુરુજી" એવોર્ડ એનાયત થયો



(ગરવી તાકાત) ઈડર તા.૨૫

તાજેતર માં ૨૧ સપ્ટેમ્બર ને રવિવારના રોજ હોટલ રિજન્ટા, ભુજ-કચ્છમાં ભારતીય માનવ સમાજ સેવક સંસ્થા, દિલ્હી (ઓલ ઈન્ડિયા) પ્રેરિત અને ×સ્વયંસિદ્ધા× ગુજરાત ટીમ અને આઈ ડબલ્યુ સી, માધાપર સંયુક્ત ઉપક્રમે આયોજિત ×ગુરુજી× શિક્ષક શ્રેષ્ઠતા એવોર્ડ કાર્યક્રમમાં ઉપસ્થિત ભુજ વિસ્તારના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, પૂર્વ કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખ પારૂલબેન કારાના, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યાધ્યક્ષ હરિસિંહ જાડેજા, ભુજ ડાયેટના પૂર્વ આચાર્ય સંજયભાઈ ઠાકર, કેળવણી નિરીક્ષક કિશોરભાઈ વેકરીયા, કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજના પ્રમુખ નયનસિંહ જાડેજા, સંસ્થાના પ્રમુખ ડૉ રૂપાલીબેન મોરબીયા, ઉપપ્રમુખ મમતાબેન ભટ્ટ, મંત્રી અર્ચનાબેન ગાંધી, રચનાબેન શાહ, મીનાબેન દાવડા, નવીનભાઈ વ્યાસ વગેરેના હસ્તે સાબરકાંઠા જિલ્લાની ઈડર તાલુકાની શ્રીમતી એમ જે મેવાડા શિવશક્તિ વિદ્યામંદિર, દિયોલીના વિજ્ઞાન શિક્ષક સંદીપભાઈ પટેલને રાજ્ય કક્ષાનો ×ગુરૂજી× શિક્ષક શ્રેષ્ઠતા એવોર્ડ એનાયત થયો હતો. આખા રાજ્યમાંથી ફક્ત ૫૧ શિક્ષકોને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. સંદીપભાઈ પટેલને અત્યારસુધી ૧૫૦થી વધારે એવોર્ડ, ટ્રોફી, શિલ્ડ અને પ્રમાણપત્રો મળેલા છે. શાળા પરિવાર દ્વારા સંદીપભાઈ ને ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

---

## કે.એમ.પટેલ વિદ્યામંદિર, ઈડરના વિદ્યાર્થીએ પાવર લિફ્ટિંગમાં ગુજરાત રાજ્યમાં બીજા નંબરનું સ્થાન પ્રાપ્ત કર્યુ

(ગરવી તાકાત) ઈડર તા.૨૫



ઈડરની શ્રી કે.એમ.પટેલ વિદ્યામંદિરનો વિદ્યાર્થી રહેવર દિવ્યરાજસિંહ ઈન્દ્રવિજયસિંહ ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરે છે ગત તારીખ ૨૧ સપ્ટેમ્બરના રોજ સુરતમાં યોજાયેલ પાવર લિફ્ટિંગની પ્રતિયોગીતામાં ૫૩ કે.જી કેટેગરીમા સબ જુનિયર બેન્ચ-પ્રેસમાં ભાગ લીધેલ હતો. જેમાં તેને સમગ્ર ગુજરાત રાજ્યમાં દ્વિતીય ક્રમ મેળવી સિલ્વર મેડલ તેમજ પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ છે. શાળાના આચાર્ય પી.કે.પટેલ સુપરવાઈઝર એ.જી મોમીન અને કેમ્પસ ડાયરેક્ટર કે.જે.પટેલ તથા શાળા પરિવાર દ્વારા અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવા આવી હતી.

---

## વાલમ કલસ્ટરમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

આજ રોજ વિસનગર તાલુકાના વાલમ કલસ્ટર ની ખંડોસણ પ્રાથમિક શાળામાં કલસ્ટર કક્ષાનું ગણિત - વિજ્ઞાન પ્રદર્શન યોજાયું. જેમાં કુલ - ૭ શાળાઓ એ મળીને કુલ - ૧૫ કૃતિઓ રજૂ કરેલ હતી. આ તમામ કૃતિઓ બાળકો દ્વારા ખુબ જ ઉત્સાહ પૂર્વક તૈયાર કરેલ અને રજૂ કરેલ હતી. ઉત્કૃષ્ટ નિર્ણાયકો દ્વારા શ્રેષ્ઠ ૫ કૃતિઓ પસન્દ કરીને શિલ્ડ અને પ્રમાણપત્ર થી સન્માનિત કરવામાં આવેલ હતી. શાળાના બાળકો દ્વારા તેમજ ગ્રામજનો દ્વારા આ પ્રદર્શન નિહાળેલ હતું.સમગ્ર આયોજન વાલમ સી. આર. સી. કો. ઓ. શ્રી દિપકભાઈ ચૌધરી દ્વારા કરેલ હતું.

Volume : 11 Issue : 164 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002